૧૫ સપ્ટેમ્બરથી અમદાવાદ મંડળની ૮ જોડી પેસેન્જર ટ્રેનોમાં સિઝન ટિકિટ ધારકોને મુસાફરી કરવાની મંજૂરી

અમદાવાદ, પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાઓને ધ્યાનમાં રાખીને અમદાવાદ મંડળની આઠ જોડી પેસેન્જર, મેમુ તથા ડેમુ ટ્રેનોમાં તારીખ ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૧ થી માસિક સિઝન ટિકિટ ધારકોને મુસાફરી કરવાની મંજૂરી આપવામાં આવી છે. મંડળ રેલ પ્રવક્તાના જણાવ્યા અનુસાર આ ટ્રેનોનું વિવરણ નીચે મુજબ છેઃ-

૧. ટ્રેન નંબર ૦૯૪૩૧/૦૯૪૩૨ સાબરમતી-મહેસાણા-સાબરમતી ડેમુ સ્પેશિયલ
૨. ટ્રેન નંબર ૦૯૪૩૩/૦૯૪૩૪ સાબરમતી-પાટણ-સાબરમતી ડેમુ સ્પેશિયલ
૩. ટ્રેન નંબર ૦૯૩૧૬/૦૯૩૧૫ અમદાવાદ-વડોદરા-અમદાવાદ મેમુ સ્પેશિયલ
૪. ટ્રેન નંબર ૦૯૪૯૭/૦૯૪૯૮ ગાંધીનગર-વરેઠા-ગાંધીનગર મેમુ સ્પેશિયલ
૫. ટ્રેન નંબર ૦૯૪૦૧/૦૯૪૦૨ અસારવા-હિંમતનગર-અસારવા ડેમુ સ્પેશિયલ
૬. ટ્રેન નંબર ૦૯૪૮૭/૦૯૪૮૮ મહેસાણા-વિરમગામ-મહેસાણા પેસેન્જર સ્પેશિયલ
૭. ટ્રેન નંબર ૦૯૪૯૧/૦૯૪૯૨ મહેસાણા-વિરમગામ-મહેસાણા પેસેન્જર સ્પેશિયલ
૮. ટ્રેન નંબર ૦૯૪૯૬/૦૯૪૯૫ અમદાવાદ-વડોદરા-અમદાવાદ પેસેન્જર સ્પેશિયલ

માસિક સીઝન ટિકિટ ધારકોને માત્ર પુનઃ માન્યતા (રિવેલીડેશન) સિવાય માસિક આધાર પર જ mst જારી કરવામાં આવશે. મુસાફરોને વિનંતી છે કે મુસાફરી દરમિયાન સ્થાનિક/રાજ્ય પ્રશાસન દ્વારા જારી કરાયેલા COVID-19 પ્રોટોકોલનું પાલન કરવામાં આવે.

ગાંધીનગર મનપાના પૂર્વ ચેરમેનના આગોતરા જામીન ફગાવ્યા

ગાંધીનગર

ગાંધીનગર મનપાના પૂર્વ ચેરમેન રાકેશ પટેલ, કોલવડાના કરણસિંહ ભવાનીસિંહ વાઘેલા, કુડાસણ વૃંદાવન સોસાયટીમાં રહેતા રજનીભાઈ અંબાલાલ પટેલ, સે-૨૬ કિસાનનગરમાં રહેતા ભરતભાઈ નારણભાઈ પટેલ (મૂળ રહે. રાંધેજા), કિસાનનગરમાં રહેતા દિનેશ મંગળદાસ પટેલ, સે-૩ના પાર્થ ચુડાસમાના ત્રાસથી કોલવડામા રહેતા સુરેશ શકરાભાઈ દરજીને ઝેરી દવા પી લીધી હતી, જેમા તેમનુ મોત થયુ હતુ. સુરેશભાઈ જમીન દલાલીનો વ્યવસાય કરતા હતા. જેમા ૬ આરોપીઓ પાસેથી વ્યાજે રૂપિયા લીધા હતા. નાણાં લીધા બાદ આરોપીઓ દ્વારા પઠાણી ઉઘરાણી કરાતા ગત ૫ ઓગસ્ટો મોતને વ્હાલુ કરી લીધુ હતુ. સ્યુસાઈડ નોટમાં આરોપીઓના નામનો ઉલ્લેખ હોવાથી પેથાપુર પોલીસમા ફરિયાદ દાખલ કરાઈ હતી. ત્યારબાદ તમામ આરોપીઓ પોલીસના ડરથી ભુગર્ભમા ઉતરી ગયા છે. આ કેસને પેથાપુર પોલીસના પીએસઆઈ પાસેથી એસસીબીને સોપાયો છે. પૂર્વ ચેરમેન દ્વારા એક સપ્તાહ પહેલા ગાંધીનગર કોર્ટમાં પરમકશ્યી બચવા વકીલ દ્વારા જામીન અરજી કરી હતી. કોલવડામા રહેતા અને દલાલીનો વ્યવસાય કરતા જમીન દલાલ ઝેરી દવા પીને આપઘાત કરી લીધો હતો. જેમા મહાનગર પાલિકાના પૂર્વ ચેરમેન સહિત ૬ આરોપી સામે ફરિયાદ નોંધાઈ હતી.

ચલથાણ પંચાયતની બેધારી નીતિથી પ્રજા ત્રાહિમામ

બારડોલી, સુરત જિલ્લાના પલસાણા તાલુકાના ચલથાણના એક જ રેસિડેન્સી કોમ્પ્લેક્ષના ત્રણ બિલ્ડીંગ પૈકી એક જ બિલ્ડીંગમાં પંચાયતનું વોટર વર્કસનું વીજ જોડાણ આપવામાં આવ્યુ અન્ય બે બિલ્ડીંગના લોકોએ મીટર કે વીજ જોડાણની માંગણી કરી છતાં આજદિન સુધી વિજજોડાણ નહિ આપવામાં આવતા બિલ્ડિંગના રહીશોમાં રોષ જોવા મળ્યો હતો ચલથાણ પંચાયતમાં એક હથ્થુ શાસન તેમજ એકજ પક્ષમાં બાગોલાના કારણે ગામનો વિકાસ રૂંધાઈ રહ્યો છે ગામના આંતરિક વિવાદ ચરમ સીમાએ આવતા ગામમાં ત્યાપિક સુવિધામાં પણ હવે ભેડભાવ જોવા મળી રહ્યા છે ચલથાણ ગામમાં આવેલ સિલિકોન એવરન્યુ રેસિડેન્સીમાં ત્રણ રેસિડેન્સી કોમ્પ્લેક્ષ આવેલા જેમાં એક કોમ્પ્લેક્ષમાં પંચાયત તરફથી વોટર વર્કસનું વિજમીટર કનેક્શન ફાળવવામાં આવ્યું છે બાકીના બને કોમ્પ્લેક્ષના રહીશોએ પંચાયતમાં અરજી કરી વોટર વર્ક્સ મીટરની માંગણી કરી હતી તો રેસિડેન્સી દીઠ માત્ર એક મીટર જ ફાળવણી કરવામાં આવી હોવાનું કહેવામાં આવ્યું હતું જેથી બને કોમ્પ્લેક્ષના રહીશોએ મીટર નહિ તો માત્ર વીજ જોડાણ અપાવવાની અરજી કરી તો પંચાયત આ મામલે આજ દિન સુધી યોગ્ય નિકાલ નહિ કરતા કોમ્પ્લેક્ષના રહીશોમાં રોષ જોવા મળ્યો હતો આવનારા દિવસોએ આ મામલે યોગ્ય નિકાલ નહિ આવે તો આવનાર પંચાયતની ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી હતી

ચલથાણ પંચાયતમાં ગત ૨૦ સભ્યો અને એક મહિલા ઉપસરપંચ તેમજ તલાટીનો કારભાર કરવાં માટેનો અધિકાર છે પરંતુ ચલથાણ પંચાયતમાં રસ્તા,પાણીથી લઈ ગટર સુધીના મહત્વના નિર્ણય તાલુકા સંહકનના હોદેદાર લે છે જેના કારણે ચલથાણની જ્ઞા સાથે ક્યાંક ને ક્યાંક જ્ઞાતિવાદ અને ભેદભાવ જોવા મળે છે કાંઠેરા નગરના ગટરીયા પાણી મુદે પણ આજ ભાજપના સંગઠનના નેતાઓની ભૂંડી ભૂમિકાને પંચાયતને લાખોનું નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. પંચાયતના તલાટીથી લઈ કોન્ટ્રાકરો અને તાલુકાના ઉચ્ચ અધિકારીઓ પણ ભાજપ સંઘકનના હોદેદારોના ખોળે બેસી જતા વિકાસના કામોમાં પણ ફુચવાત જોવા મળ્યો છે

ચિલોડા-શામળાજી નેશનલ હાઈવે ઉપર ઠેર-ઠેર મસમોટા ખાડાઓ પડતાં કોંગ્રેસનો અનોખો વિરોધ

પ્રાંતિજ, ચિલોડા હિંમતનગર શામળાજી ન.હા. નં.૮ પર છેલ્લા કેટલાક સમયથી ઠેર ઠેર મસમોટા ખાડાઓ પડી ગયા છે. ખાડાઓ પુરવા માટેની રજૂઆત છતાં પણ હાઈવે ઓથોરીટીના જવાબદાર અધિકારીઓ દ્વારા ખાડાઓ પુરવાનું કામ ન કરવામાં આવતા પ્રાંતિજ કોંગ્રેસ દ્વારા ખાડાઓમાં વૃક્ષારોપણ કાર્યક્રમ કરીને વિરોધ કરવામાં આવ્યો હતો. જોકે પોલીસે વિરોધ પ્રદર્શન કરી રહેલા ૧૨થી વધુ કાર્યકર્તાઓની અટકાયત કરી હતી. આ અંગેની વિગત એવી છે કે ચિલોડા-હિંમતનગર-શામળાજી નેશનલ હાઈવે ૮ ઉપર છેલ્લા કેટલાક સમયથી મસમોટા ખાડાઓ પડી ગયા છે. આ અંગે વારંવાર રજૂઆત કરવા છતાં પણ તંત્ર દ્વારા ખાડાઓ પૂરવા માટેની કોઈ કામગીરી કરવામાં આવતી નથી. મોટા ખાડાઓમાં વાહન ચાલકોના વાહનો પટકાતા કેટલાક લોકોના હાડકાઓ પણ ભાગ્યા છે અને કેટલાક લોકોએ જીવ પણ ગુમાવ્યા છે. જે અંગે અનેકવાર રજૂઆતો બાદ પણ જવાબદાર તંત્રનું પેટનું પાણી પણ હાલતુ ના હોય તેમ જોવા મળતા રવિવારે નંતિજ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા વિરોધ -દર્શન સાથે ખાડાઓમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

માઉન્ટ આબુમાં છેલ્લા બે દિવસથી સતત પડી રહેલા ઝરમર વરસાદથી ઝરણાં વહેવા લાગ્યાં

અમીરગઢ, રાજસ્થાનના હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં વરસાદથી કુદરતી સૌંદર્ય સોળેકળાયે ખીલી ઉઠે છે. અને જ્યારે વરસાદ વરસતો હોય ત્યારે તો કઈ અલગ જ નજારો જોવા મળે છે. માઉન્ટ આબુમાં છેલ્લા બે દિવસ થી ઝરમર ઝરમર વરસાદ પડી રહ્યો છે. તેના કારણે માઉન્ટ આબુની પ્રકૃતિ સોળે કળાયે ખીલી ઉઠી છે. અને પહાડોમાંથી પાણી ના ઝરણાં વહેવા લાગ્યા છે.અને તેના કારણે તેની પ્રકૃતિમાં ચાર ચાંદ લાગ્યા છે. અને કુદરત પળોને માણવા માઉન્ટ આબુમાં પર્યટકોનો જમાવડો લાગ્યો છે. હાલના વાતાવરણમાં હિલ સ્ટેશનની પ્રકૃતિ એકાએક ખીલી ઉઠી છે.અને પ્રવાસીઓ પણ તેનો ભરપૂર આનંદ મેળવી રહ્યા છે.

વિજાપુરમાં આગલોડની શરતભંગ જમીનને બક્ષીસ આપવા મંજૂરી અપાઈ

મહેસાણા, મહેસાણા જિલ્લામાં મહેસૂલી કામગીરીમાં પારદર્શિતા જળવાઈ રહે તે માટે તાજેતરમાં કલેકટર તરફથી આરઓ બેઠકમાં મહેસૂલી અધિકારીઓને સૂચના અપાઈ હતી. જ્યારે સરકાર તરફથી ઘડાયેલ લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ કડક કાર્યવાહી કરવા પણ સકિયતા દાખવવામાં આવી રહી છે. પરંતુ, કલેકટરની જ તાબા હેઠળની વિજાપુર મામલતદાર કચેરીના સર્કલ ઓફિસરે શરતભંગ થયેલી ખેતીલાક જમીનને સરકારના કબજામાં લેવાની જગ્યાએ વારસાઈ, વેચાણ અને છેલ્લે બક્ષીસમાં આપવાની મંજૂરી આપી દેવામાં આવતાં અનેક સવાલો ઉભા થયા છે.

વિજાપુર તાલુકાના આગલોડ ગામની સીમમાં આવેલી સર્વે નં. ૩૯૦ વાળી ખેતીલાયક જમીનના ગણોત કેસ/૯૦/૯૮ તા. ૧૬-૧૧-૨૦૦૪ અન્વયે ગણોતીયા તેમજ જમીન માલીક વચ્ચેના વિવાદમાં વર્ષ ૨૦૦૫માં અધિક મામલતદાર અને કૃષિપંચ વિજાપુરે હુકમ કર્યો હતો. જેમાં ઉપરોકત જમીનમાં શરતભંગ થતો હોઈ આગળની કાર્યવાહી કરવા સારૂ મામલતદાર વિજાપુરને આદેશ કર્યો હતો. ઉપરાંત ગણોતધારાની કલમ ૩૨ઓ હેઠળ આપવામાં આવેલી નોટિસ પરત ખેંચવા નિર્ણય કરાયો હતો.

ચોકાવનારી હકિકત તો એ છે કે, વિજાપુર મામલતદારે ઉપરોત જમીનમાં શરતભંગની કાર્યવાહી કરવાની જગ્યાએ કૃષિપંચના હુકમની અવગણના કરવામાં આવી હતી. સરકારના હિતમાં જમીન કબજો લેવાની જગ્યાએ જમીનના સ્વર્ગસ્થ માલિકના વારસદારોના નામે વર્ષ ૨૦૧૨ વારસાઈ કરી દેવાઈ હતી. ત્યારબાદ શરતભંગ પાત્ર જમીનને વર્ષ ૨૦૧૩માં વેચાણ થતાં તેની નોંધ - માણિત કરી દેવામાં આવી હતી. જ્યારે વર્ષ ૨૦૨૦માં આ જમીન માલિકોએ બક્ષીસમાં આપી દીધી હતી. બક્ષીસની નોંધ પણ વિજાપુરના સર્કલ ઓફિસર એ.એલ. ચાવડાએ મંજૂર કરી દેવામાં આવી હતી. વિજાપુર તાલુકાના આગલોડ ગામની શરતભંગ પાત્ર ખેતીલાયક જમીનમાં આ?ર્થજનક વારસાઈ, વેચાણ તેમજ બક્ષીસનો વ્યવહાર થયો હતો. આ બક્ષીસ નોંધ દરમિયાન શરતભંગના હુકમની નોંધ નજરે લેવાઈ ન હતી. બક્ષીસની નોંધમાં ૭ જમીન માલીક પૈકી પાંચને ૧૩૫-ટ્રીની નોટીસ બજી ન હતી. છતાં સર્કલ ઓફિસર એ.એલ. ચાવડાએ લોકડાઉનનું કારણ સામે ધરી ઉપરોકત પક્ષકારોની ધ્વની સંદેશથી સંમતી મેળવી બક્ષીસની નોંધ -માણિત કરી દેતાં મહેસૂલી કામગીરી સામે અનેક સવાલો ઉભા થયા છે.

તલાટીઓની અચોક્કસ મુદતની હડતાળની ચિમકી

મહેસાણા, પડતર -ી મુદે રોષે ભરાયેલા રાજયના તલાટી કમ મંત્રીઓના ગુજરાત રાજય મહામંઙળ દ્વારા લેવાયેલા નિર્ણય મુજબ સોમવારે મહેસાણા જિલ્લાના તલાટીઓએ ડીડીઓ અને કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું અને જાહેર કરેલા કાર્યક્રમો બાદ પણ ઉકેલ નહીં આવે તો ૧૨મી ઓકટોબરે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે એક દિવસના ધરણા અને ત્યાર બાદ અચોક્કસ મુદતની હડતાળની ચિમકી ઉચ્ચારી હતી. ગુજરાત રાજય તલાટી મંત્રી મહામંઙળના પ્રમુખ પંકજભાઈ મોદી, મહેસાણા તાલુકા -મુખ અશ્વિનભાઈ ચૌધરી સહિત હોદેદારોએ આવેદનપત્ર આપ્યાં હતાં. તેમણે જણાવ્યું હતું કે, ૨૦૦૪-પની ભરતીના તલાટી મંત્રીઓની નોકરી સળંગ ગણવી, તા.૧-૧-૨૦૧૬ બાદ મળવાપાત્ર પગાર ધોરણ મંજૂર નથી કર્યા તે કરવા, અમને વિસ્તરણ અધિકારી સહકાર તથા વિ.અધિ. આંકડામાં પ્રમોશન આપવું, મહેસુલી તલાટીઓને પંચાયત તલાટીમાં મર્જ કરવાના ફરાવનો અમલ કરવો, એક ગામ એક તલાટીનું મહેકમ આપવા સહિતની ૧૧ જેટલી અમારી મહત્વની માગણીઓ છે.

૨૦૧૮માં વિવિધ પડતર -ી મુદે રાજયમાં હડતાળ કરી હતી ત્યારે હકારાત્મક ઉકેલ લાવવાની ખાતરી મળતાં આંદોલન સમેટ્યું હતું. ત્રણ વર્ષથી અનેકવાર રજૂઆત કરવા છતાં પડતર -ીનો કોઈ સુખદ ઉકેલ આવ્યો ના હોવાથી ૭ સપ્ટેમ્બરે ગુજરાત રાજય તલાટી મંત્રી મહામંઙળની કારોબારી સભામાં નક્કી કર્યા મુજબ આંદોલનનો -રાંભ કર્યો છે. જે મુજબ સોમવારે દરેક જિલ્લામાં કલેકટર તથા ડીડીઓને આવેદનપત્ર આપ્યાં છે અને તલાટીઓ પોતાના ખાનગી મોબાઈલમાં સરકારી કચેરી કે અધિકારી સાથે જોડાયેલા તમામ વોટ્સએપ ગ્રુપમાંથી રિમુવ થયા છે.

અંબાજીના યાત્રિકોને તકલીફ ન પડે તે માટે ૧૦૦ બસોની વ્યવસ્થા કરાઈ

પાલનપુર, બનાસકાંઠાના યાત્રાધામ અંબાજીનો ભાદરવી પૂનમનો મેળા થવાની હજુસુધી કોઈ સત્તાવાર જાહેરાત કરાઈ નથી.પરંતુ યાત્રિકોને તકલીફ ન પડે એસ.ટી. વિભાગ દ્વારા જરૂરિયાત મુજબ ચાર ડેપોમાંથી ૧૦૦ જેટલી બસોની વ્યવસ્થા ઉભી કરાઇ છે. કોરોના મહામારીના પગલે ચાલુ વર્ષ યાત્રાધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમનો મેળો યોજાનાર નથી. પરંતુ પગપાળા યાત્રિકો મા અંબાના દર્શને પગપાળા જઈ રહ્યા છે અને માં અંબાને પ્રાર્થના કરે છે.કે કોરોના મહામારીની મુસીબતથી લોકોને ઉગારે જેથી પગપાળા જતા યાત્રીકોને માં અંબાના દર્શન કર્યાબાદ પોતાના ઘરે જવા માટે મુસીબત ન પડે તે માટે એસ.ટી.વિભાગ દ્વારા અંબાજીમાં જરૂરીયાત પ્રમાણે બસોની વ્યવસ્થા કરાઈ રહી છે. આ અંગે એસ.ટી.વિભાગના સુત્રોએ જણાવ્યુ હતુ કે આ ચાલુ વર્ષ સરકાર દ્વારા હજુ સુધી અંબાજી ભાદરવી પૂનમના મેળાની કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી. જેથી એક્સ્ટ્રા બસોની કોઈ વ્યવસ્થા ઉભી કરાઈ નથી પરંતુ અત્યારથી યાત્રીકો પગપાળા માં અંબાના દર્શન કરવા જઈ રહ્યા છે.જેથી દર્શન કર્યા બાદ યાત્રીકોને પોતાના ઘરે જવા માટે કોઈ મુસીબત ન પડે તે માટે પાલનપુર, સિધ્ધપુર, ડીસા અને અંબાજીના ૧૦૦ ઉપરાંતની બસો જરૂરીયા પ્રમાણે મુકવામાં આવી રહી છે. તેમજ જો સરકાર દ્વારા મેળાની સત્તાવાર જાહેરાત કરાશે.તો એસ.ટી.વિભાગ દ્વારા એક્સ્ટ્રા બસોની ફાળવણી કરાશે. યાત્રીકો મા અંબાના દર્શને પગપાળા જઈ રહ્યા છે.

સસ્તા ભાવની દુકાનોએ જથ્થો ન પહોંચતાં સેંકડો લાભાર્થીઓ અનાજથી વંચિત રહ્યા

મહેસાણા, મહેસાણા જિલ્લામાં હેડળ વિતરણ વ્યવસ્થા હેઠળ લાભાર્થિઓને દર મહિને અપાતો સરકારી અનાજ સહિતનો જથ્થો અનિયમિત પહોંચતાં સરકાર માન્ય વ્યાજબી ભાવની અંદાજે ૬૮૪ દુકાનોના શટર ન ખુલતાં રાશનકાર્ડ ધારકોને ધરમના ધક્કા ખાવાની ફરજ પડી રહી છે. સરકાર તરફથી પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ વિના મૂલ્યે તેમજ એનએફએસએ યોજનામાં વ્યાજબી ભાવે અનાજ સહિતનો જથ્થો આપવાની જાહેરાત કરાઈ હતી. મહેસાણા જિલ્લામાં જાહેર વિતરણ હેઠળ સરકારી અનાજનો જથ્થો વિતરણ કરવા કુલ ૬૮૪ વ્યાજબી ભાવની દુકાનો કાર્યરત છે. જેમાં તાલુકાવાર ઊંઝામાં ૬૪, કડીમાં ૧૦૦, ખેરાલુમાં ૫૦, જોટાણામાં ૨૭, બેચરાજીમાં ૩૮, મહેસાણામાં ૧૩૬, વડનગરમાં ૫૬, વિસનગરમાં ૯૦, વિજાપુરમાં ૯૯ તેમજ સતલાસણામાં ૩૩ સસ્તા ભાવની દુકાનોનો સમાવેશ થાય છે. ઉપરોકત મોટાભાગની દુકાનો પર હજુ સરકારી અનાજનો જથ્થો પહોંચ્યો નથી. જ્યારે ઓનલાઈ જથ્થો બતાવતો ન હોવાથી વિતરણ શરૂ થઈ શકાયું નથી. જિલ્લા પુરવઠા અધિકારી તેમજ નિરીક્ષકોને મહેસાણા શહેર સહિતની વ્યાજબી ભાવની દુકાનો મહિનાના પ્રથમ સપ્તાહમાં નિયમિત ખોલવામાં ન આવતી હોવાની રજૂઆતો કરવામાં આવી હતી. છતાં કોઈ કાર્યવાહી કરવામાં ન આવતાં સેંકડો ગરીબ પરીવારો મહિનાના પ્રથમ સપ્તાહમાં જ સરકારી અનાજના જથ્થાથી વંચિત રહેવા પામ્યા છે. જિલ્લામાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળની સરકાર માન્ય વ્યાજબી ભાવની દુકાનો પર સમયસર અનાજનો જથ્થો પહોંચે તેમજ નિયમિત દુકાનો ખોલવામાં આવે તે માટે જિલ્લા પુરવઠા અધિકારી તેમજ તેમની ટીમ આળસ ખંખેરી કાર્યવાહી કરે તેવી માંગ ઉઠવા પામી છે.

પ દિ' ગાજવીજ સાથે વરસાદની આગાહી

મહેસાણા, ભારતીય હવામાન વિભાગની આગાહી મુજબ મહેસાણા જિલ્લામાં આગામી પાંચ દિવસ ગાજવીજ સાથે વરસાદી વાતાવરણ છવાયેલું રહેવાની આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી મુજબ સમગ્ર ગુજરાતના વિસ્તારોને આગામી ત્રણ-ચાર દિવસ માટે રેડ તમજ ઓરેન્જ ઝોનમાં મુકવામાં આવ્યા છે. વરસાદની આગાહીના પગલે જિલ્લાના સરકારી તંત્રને પણ એલર્ટ મોડ પર રહેવા તાકીદ કરવામાં આવી છે. આગામી ૧૭મી સપ્ટેમ્બર સુધી જિલ્લાના કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ થવાની સંભાવના હવામાન ખાતાએ દર્શાવી છે.

સોમવારે ભારતીય હવામાન વિભાગની આગાહી -માણે સૌરાષ્ટ્ર તેમજ દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ ખાબકતાં જાહેર જનજીવનને અસર પહોંચી હતી. આ વિસ્તારોમાં બચાવ અને રાહતની કામગીરી કરવાની ફરજ પડી હતી. મહેસાણા જિલ્લામાં પણ આગામી ચાર-પાંચ દિવસ ગાજવીજ સાથે સામાન્યથી ભારે વરસાદની સંભાવના સેવવામાં આવી છે. સોમવારે જિલ્લાના ચાર તાલુકાઓમાં ઓછાવત્તા -માણમાં વરસાદ નોંધાયો હતો. જેમાં સવારે ૬-૦૦ વાગ્યાથી રાત્રીના ૮-૦૦ વાગ્યા સુધીમાં ઊંઝા તાલુકામાં ૧૦ મીમી, ખેરાલુ તાલુકામાં ૦૩ મીમી, બેચરાજી તાલુકામાં ૧૪ મીમી તેમજ વડનગર તાલુકામાં ૦૨ મીમી વરસાદ થયો હતો. મહેસાણા જિલ્લામાં પણ આગામી પાંચ દિવસ સુધી ગાજવીજ સાથે વરસાદી વાતાવરણ જોવા મળશે તેમ ભારતીય હવામાન વિભાગે આગાહી કરી છે. જિલ્લાના કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પણ ખાબકે તેવી સંભાવના સેવાઈ રહી છે. હવામાન જણાવીતી ખાનગી એજન્સીના જણાવ્યા અનુસાર જિલ્લામાં આગામી ૧૮મી સપ્ટેમ્બર સુધી વરસાદી વાતાવરણ જોવા મળશે.

તાજેતરમાં જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહીના પગલે અધિક કલેકટરે મામલતદાર સહિતના અધિકારીઓને હેડકવાર્ટર ન છોડવાના આદેશ પણ કર્યા હતા. તમામ અધિકારીઓને પોતાના વિસ્તારમાં સંકલનમાં રહી વરસાદની પરિસ્થિતિ પર સતત વોચ રાખી બચાવ તેમજ રાહતની કામગીરીની જરૂરિયાત ઉભી થાય તો જિલ્લાકક્ષાએ સત્વરે સંદેશા પહોંચડવા તાકીદ કરવામાં આવી હતી.

શું મલ્લિકા શેરાવતનું નવા શોમાં પાત્ર ટીવીની રાણી એકતા કપૂરથી પ્રેરિત છે?

અમદાવાદ, ૨૧મી સદીમાં રહેવા છતાં એક મહિલાને તેના ક્ષેત્રમાં ટોચે પહોંચવાનું મુશ્કેલ છે અને આપણે અમુક અસલ જીવનની અમુક એવી રાણીઓ જોઈ છે જેણે સર્વ મુશ્કેલીઓ પાર કરીને ટોચે પહોંચી છે, પરંતુ તે મુકામ પર પહોંચવાનું તેમને માટે આસાન નહોતું. અને હવે શહેરમાં વધુ એક મહિલા આવી રહી છે, એમએક્સ એક્સક્લુઝિવના નકાબમાં ઝોહરા મહેરાના રૂપમાં. તે ધારદાર છે, બોલકણી છે, મહત્વાકાંક્ષી છે અને મનોરંજન ઉદ્યોગમાં પોતાના નિયમો પર કામ કરીને શિખર પર પહોંચી છે. સુંદરી મલ્લિકા શેરાવત દ્વારા અભિનિત ઝોહરા અવ્વલ અને પ્રભાવશાળી ટીવી નિર્માત્રી છે અને અભિનેત્રી કહે છે કે તે પોતાના પાત્રના ખંત સાથે સુમેળ સાધે છે. જોકે તેનું પાત્ર અસલ જીવનની ટીવીની રાણી એકતા કપૂરથી પ્રેરિત હોઈ શકે છે? આ વિશે પુછાતાં મલ્લિકા શેરાવત કહે છે, એકતા માટે અને પુરુષોનું વર્ચસ ધરાવતા ઉદ્યોગમાં તેણે આ બધું જે

પણ હાંસલ કર્યું છે તેને માટે મને ભરપૂર માન છે. ઘણા બધા લોકો મારા ઝોહરાના પાત્રને તેની સાથે જોડી શકે છે, પરંતુ વાસ્તવમાં ઝોહરા મજબૂત ભેજાની છે અને હું પણ તેના જેવી જ છું. મેં તળિયાના સ્તરથી કામ શરૂ કર્યું અને સખત મહેનત કરીને આજે આ મુકામ સુધી પહોંચી છું. તમારા પોતાના પગ પર ઉચ્ચ મુકામ સુધી પહોંચવા માટે ભરપૂર ખંતની જરૂર હોય છે. એકલી મહિલા તરીકે કામ મુશ્કેલ હતું. ઘણા બધા એવા અવરોધો આવે છે કે જે તમે પાર નહીં કરી શકો એવું વિચારી શકો છો, પરંતુ આખરે તમે તેમાંથી માર્ગ શોધી કાઢો છો. આ ધ્યાનમાં લેતાં પોતાનો માર્ગ કંડારવાનો પ્રયાસ કરતી બધી મહિલાઓને ખુબ ખુબ અભિનંદન. (૧૯-૮)

પશ્ચિમ રેલવે - વડોદરા ડિવિઝન
એન્જીનિયરીંગ વિભાગ
ઈ-ટેન્ડર નોટિસ નંબર: ડીબ્લ્યુએમ-બીબ્લ્યુસી ૨૦૨૧-૨૨માં ૦૮૦, ૬૦૯૯/૨૩/ એનબાઈટી ૦૨૧-૨૨માં તારીખ: ૦૯.૦૯.૨૧
ભારતના રાષ્ટ્રપતિ વતી ડિવિઝનલ રેલવે મેનેજર (ડબલ્યુક્યૂ/ડી), વડોદરા દ્વારા નિમ્નલિખિત કામો માટે ટેન્ડર મગાવી છે. ટેન્ડર સંખ્યા: ડીબ્લ્યુએમ-બીબ્લ્યુસી ૦૮૦- માં ૨૦૨૧-૨૦૨૨ **કામ નું નામ: વડોદરા ડિવિઝનના ગોધરા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પર ૨ (બે) રિફ્રેશી જોગવાઈ સંબંધિત બાંધકામ. કામનું અંદાજીત ખર્ચ: ₹ ૩૩,૦૧,૩૩૯.૪૮/- જમા કરાવવાની રકમ: બીડીની બાહિદારીમાં જણાવ્યા અનુસાર ઈ-ટેન્ડર જમા કરાવવાની અને ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અનુક્રમે ૭લાક ૩ ઓગસ્ટ ૦૭-૧૦-૨૦૨૧ તારીખે ૧૫.૦૦ કલાક અગાઉ મોકલવાનું છે અને તે જ દિવસે ૧૫.૩૦ કલાકે ખોલવામાં છે. વધુમાં જોઈ શકાય તે નોટિસનું સ્થળ અને વેબસાઈટની વિગત અને જ્યાંથી ટેન્ડર ખરીદી શકાય તે ઓફિસનું. સરનામું: વૈ બસાઈટ** http://www.ireps.gov.in, ડિવિઝનલ રેલવે મેનેજર (ડબલ્યુક્યૂ/સી) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-૩૯૦ ૦૦૪ BRC/124
વાઈડ કરો: facebook.com/WesternRly

સાંકેતિક કબ્જા નોટીસ
ICICI Bank
લાગુ એકિઝન્ટ આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ.,એકિઝન્ટ ૨૦૧-બી, બીજુ માળ, રોકન ૧ પ્લોટ નં- બી ૩ ચાઈઙઈ આઈટી પાર્ક, વાગવે ઈન્સ્ટીયલએસ્ટેટ, થાણે, મહારાષ્ટ્ર-૪૦૦૬૦૪

આથી
સિકયુરાઈટસેશન રિકંસ્ટ્રકશન ઓફનાન્સ એસેટ એન્ડ ઈનફોર્મમિન્ટ બોફ સિકયુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિકયુરિટી ઈન્ટરેસ્ટ ઈન્ફોર્મેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ (ઈવાન હાઉસિંગ ફાયનાન્સ લી. દ્વારા આઈસીઆઈસીઆઈના નિમાયેલા નીચે સહી કરનાર અધિકારીએ) સિકયોરિટી ઓફ એન્ફોર્સમિન્ટ ના સંબંધમાં ડિમેન્ડએકએલેન અને કરજદારો વચ્ચે લોન બાબતે થયેલા કરારના આધારે હાઉસિંગ લોન ની સગવડ મેળવી છે, તેઓ જે લોન મેળવી છે, તેની મૂળ રકમ અને વ્યાજની ચુકવણીમાં તેઓ નિષ્ફળગયા છે , તેથી આ નોટીસ આપવામાં ૬૦ દિવસની અંદર અહીં દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.
કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા બાહિકારીએ અહીં જણાવેલી મિલકતનો સાંકેતિક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવવી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલકત ટાંચમાં હોય કરજદારો અને સામાન્ય જનતાને કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

ક્રમ નં.	કરજદારનું નામ/ (લોન એકાઉન્ટ નંબર) (ડિમેન્ડએકએલેન જુનો એલએએન અને આઈસીઆઈસીઆઈ નવો એલએએન)	મિલકતની વિગત/ સાંકેતિક કબ્જાની તારીખ	ડિમાંડ નોટીસની તારીખ/ ડિમાંડ નોટીસની રકમ (રૂ)	શાખાનું નામ
૧	મુકેશભાઈ હિંદભાઈ રાવલ અને મેનાબાયેન મુકેશભાઈ રાવલ- **QZMEH00005013031** (ડિમેન્ડએકએલેન જુનો લેન - **૧૧૩૦૦૦૦૦૭૭૭** અને આઈસીઆઈસીઆઈ નવો લેન- **QZMEH00005013031**	૩૭/એ, શ્રી ગણેશ રેસીડેન્સી, ઉંચરણી રોડ, **મહેસાણા, મહેસાણા- ૩૮૦૦૦૧/** ૦૮ સપ્ટેમ્બર, ૨૦૨૧.	૦૧ સપ્ટેમ્બર, ૨૦૨